# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-09-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## જિલ્લા કલેક્ટર – રાપરની મુલાકાત

**જિલ્લામાં પડેલ ભારે વરસાદ બાદ વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં જીનજીવન પૂર્વવત કરવા વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે.**

**જીલ્લા ક્લેકટર આનંદ પટેલે આજે રાપરની મુલાકાત લઇને વરસાદને પગલે થયેલા નુકસાનનું નિરીક્ષણ કરીને વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવી રહેલ કામગીરીની સમીક્ષા કરી હતી.**

**રાપર તાલુકામાં મેવાસા ડેમના પાણી નીચાણવાળા વિસ્તારમાં ફરી વળતા રહેણાંક તથા ખેતીને થયેલા નુકસાન સહિતની બાબતે શ્રી પટેલે સ્થાનિકો સાથે સંવાદ કરીને તમામ પ્રાથમિક સેવાઓ ઝડપથી સુદ્દઢ કરવાની ખાતરી સાથે રાજ્ય સરકાર દરેક પરિસ્થિતિમાં પડખે હોવાનો સધિયારો આપ્યો હતો. આ ઉપરાંત, તેમણે રાપર મામલતદાર કચેરી ખાતે વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે બેઠક યોજીને પાણી, વીજળી, રસ્તા સહિતની તમામ પ્રાથમિક સૂવિધાઓ પૂર્વવત કરવા યુદ્ધના ધોરણે કામગીરી માટે સૂચના આપી હતી. ખેતીને થયેલા નુકસાનના સર્વેની કામગીરી ખેતીવાડી વિભાગ દ્વારા નિયત માળખા અંતર્ગત કરવામાં આવશે તેમ જીલ્લા કલેકટરે ઉમેર્યું હતું.**

**ભારે વરસાદના કારણે નુકસાન ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓના ઝડપી રીસ્ટોરેશન માટે માર્ગ-મકાન વિભાગને સૂચના આપવા સાથે તમામ રસ્તા ઝડપી એપ્રોચેબલ થાય તે દિશામાં કામગીરી કરવા તેમણે જણાવ્યું હતું.**

---

## આરોગ્ય તંત્ર એક્શન મોડમાં

ભારે વરસાદના પગલે જિલ્લાનું આરોગ્ય તંત્ર પણ એક્શન મોડમાં કામ કરી રહ્યું છે. વરસાદથી પ્રભાવિત વિસ્તારોનાં નાગરિકો માટે આરોગ્ય વિભાગ દ્વારા પાણી અને જંતુજન્ય રોગચાળાના અટકાયત માટે કામગીરી આરંભાઇ છે. જિલ્લા આરોગ્ય તંત્ર, પાણી પુરવઠા, નગર પાલિકા તથા પંચાયતકક્ષાએ જુદી-જુદી ટીમો બનાવીને વિવિધ કામગીરી હાથ ધરાઈ છે. મેલેરીયા, ચિકનગુનીયા, ડેન્ગ્યુ, ટાઈફોડ, કોલેરા જેવો રોગચાળો ફેલાય નહીં તે માટે દરેક તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની રોગ અટકાયતી ટીમો દ્વારા ગામો તથા શહેરોમાં ઘરો ઘર સર્વે, સાફ- સફાઇ, પાણી નિકાલ, પાણીના ટાંકાનું ક્લોરીનેશન સહિતની કામગીરી યુદ્ધના ધોરણે શરુ કરાઈ છે.

626 મેડીકલ ટીમો દ્વારા ગામડાઓમાં અત્યાર સુધી 1,53,121 જેટલી વસતીનો સર્વે કરાયો છે. જેમાં 395 શરદી ઉધરસ અને 871 તાવનાં કેસ જોવા મળ્યા છે. આરોગ્યની ટીમો દ્વારા 1631 જેટલા લોહીનાં નમૂના તપાસ માટે લેવામાં આવ્યા છે.

ઉપરાંત, આ ટીમો દ્વારા ORS અને ક્લોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. તેમજ મચ્છરોની ઉત્પત્તિ માટેના પાત્રો તપાસી જરૂર જણાયે આવા પાત્રોનો નાશ કરવામાં આવી રહ્યો છે. વિવિધ વિસ્તારોનું ક્લોરિન ટેસ્ટીગ કરી નેગેટીવ રીપોર્ટ વાળા સ્થળો ખાતે ક્લોરીનેશન કરવામાં આવી રહ્યું હોવાનું એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

--------------------------------------------------------------------------------

## કૃષિ યાંત્રિકીકરણ – જીએસટી દરો

કૃષિ યાંત્રિકીકરણ યોજનાના લાભાર્થીઓને નવા જીએસટી દરનો લાભ આપવા ટ્રેક્ટર સહિતના ખેત સાધનોની ખરીદી માટેની સમયમર્યાદા લંબાવાઈ છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે આજે વિધાનસભામાં જણાવ્યુ કે ખરીદીની સમયમર્યાદા નવા દરના અમલથી ૩૦ દિવસ સુધી રહેશે. આ નિર્ણયથી રાજ્યના અંદાજે એક લાખ ખેડૂતોને મહત્તમ 35 થી 45 હજાર રૂપિયાનો લાભ થશે. તેમણે ઉમેર્યું કે, કૃષિ યાંત્રિકીકરણ સાધનો તેમજ સૂક્ષ્મ પિયત પદ્ધતિના સાધનો પરના 12 ટકા જીએસટીને ઘટાડીને 5 ટકા કરાયો છે.

---

## દરિયાઇ સુરક્ષા

લખપતના કોટેશ્વર સેક્ટરમાં દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે પોલીસ વિભાગની ટીમે દરિયાઈ વિસ્તારોની મુલાકાત લઇ કપૂરાશી અને મુંધવા ગામના અગ્રણીઓ તેમજ માછીમારો સાથે બેઠક યોજી હતી.

પોલીસ અધિકારીઓએ સ્થાનિક લોકોને દરિયાઈ સુરક્ષા અંગે સતર્ક રહેવા માટે માર્ગદર્શન આપ્યું હતું અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ કે હિલચાલ જોવા મળે તો તરત જ મરીન પોલીસને જાણ કરવા અપીલ કરી હતી.

---

## અંજાર : સવાસર તળાવ વધાવાયું

અંજારનું ઐતિહાસિક સવાસર તળાવ ઓગની જતાં તેને શોભાયાત્રા અને ધાર્મિક વિધિ સાથે પરંપરાગત રીતે વધાવાયું હતું. આ પ્રસંગે રાજકીય, સામાજિક, ધાર્મિક અગ્રણીઓ ઉપરાંત, અંજાર નગરપાલિકાના અધિકારીઓ- કર્મચારીઓ તેમજ શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

---

## એસટી

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, ભુજ વિભાગ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ રવેચીમાતા તેમજ રામદેવપીરના લોક મેળા નિમિત્તે પ્રવાસીઓની સુવિધા માટે રાપર ડેપો તેમજ ભચાઉ ડેપો ખાતેથી વધારાના બસ રૂટનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર સંચાલન દરમિયાન ૧૪,૫૦૭ જેટલા યાત્રાળુએ લાભ મેળવ્યો હતો અને કુલ ૫૨ બસની ૨૫૦ ટ્રીપથી ૫ લાખ ૪૩ હજારથી વધુની આવક થઇ છે તેમ વિભાગીય નિયામક એસ.ટી. ભુજની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---

## રોજગાર ભરતી મેળો

જિલ્લાના રોજગાર વાચ્છુંક ઉમેદવારો માટે જિલ્લા રોજગાર કચેરી, ભુજ દ્વારા ઔદ્યોગિક તાલીમ સંસ્થા, અંજાર ખાતે આગામી ૧૨ મી સપ્ટેમ્બરે શુક્રવારે તાલુકા કક્ષાના એપ્રેન્ટીસશીપ અને રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આઈ.ટી.આઈ.,ધોરણ ૧૨ પાસ,ગ્રેજ્યુએશન, સહિતની શૈક્ષણિક લાયકાત ધરાવતા ૧૮ થી ૩૫ વર્ષ વચ્ચેની વય ધરાવતા ઉમેદવારો ભાગ લઇ શકશે.

---

## સિંહ

છેલ્લા 2 વર્ષમાં રાજ્યમાં 307 સિંહના મૃત્યુ થયા છે, જેમાં 268 સિંહ કુદરતી રીતે અને 39 સિંહના અકસ્માતે મોત થયા હોવાનું રાજ્ય સરકારે આજે વિધાનસભામાં જણાવ્યુ છે.

ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાના પ્રશ્ન પર સરકારે જવાબ રજૂ કર્યો. જેમાં જણાવાયું કે અમરેલી જિલ્લામાં છેલ્લા છ માસમાં 31 સિંહના મૃત્યુ છે, જેમાં 14 સિંહ બાળ તથા 17 સિંહોના મૃત્યુ થયા, જેમાં 27 સિંહ અને સિંહ બાળોના મલ્ટીપલ ઓર્ગન ફેલ્યોર, ન્યુમોનિયા સહિત બિમારીના કારણ મૃત્યુ થયા હોવાનું રાજ્ય સરકારે જણાવ્યુ છે.

---